સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત
વહીવટી બિલ્ડીંગ,
સેકટર-૧૩, બી, ખ-૩ સર્કલ નજીક,
વાવોલ રેલ્વે ક્રોસીંગ પાસે,
ગાંધીનગર.

તા.૨૦/૦૧/૨૦૨૫

**વિષય:- દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલ મહાકુંભ ૩.૦ની સ્પર્ધાઓ**

## પરિપત્ર :-

ચાલુ વર્ષે દિવ્યાગ ખેલાડીઓ માટે સ્પે. ખેલ મહાકુંભ ૩.૦માં વિવિધ કેટેગરીના ખેલાડીઓ માટે વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ છે. સ્પે.ખેલમહાકુંભ અંતર્ગત રજિસ્ટ્રેશન, આયોજન-સંચાલન, ટેકનીકલ ઓફીસીયલ્સ, માનદવેતન વિગેરે બાબતો અને કામગીરી માટેની વિસ્તૃત સુચનાઓ મુજબ આયોજન કરવાનું રહેશે.

ચાલુ વર્ષે અલગ અલગ કેટેગરીમાં ખેલાડીઓ માટે સીધે સીધી રાજયકક્ષાની સ્પર્ધાઓનું આયોજન કરવાનું રહેશે. શારીરિક ક્ષતિગ્રસ્ત કેટેગરીમાં સેરેબ્રલ પાલ્સીના ખેલાડીઓનો સમાવેશ કરવાનો રહેશે નહી.

સ્પે. ખેલ મહાકુંભ ૩.૦ની સ્પર્ધાઓનું સમય પત્રક નીચે મુજબ છે.

| ક્રમ | કાર્યક્રમની વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | રજિસ્ટ્રેશન | તા.૧૧/૧૨/૨૦૨૪ થી તા.૧૦/૦૧/૨૦૨૫ |
| ૨ | જિલ્લાકક્ષા સ્પર્ધા | તા.૨૧/૦૧/૨૦૨૫ થી તા.૧૫/૦૨/૨૦૨૫ |
| ૩ | રાજ્યકક્ષા સ્પર્ધા | તા.૧૫/૦૩/૨૦૨૫ થી તા.૧૫/૦૪/૨૦૨૫ |

**(૧) આયોજન :-**

૧. સ્પે. ખેલ મહાકુંભ ૩.૦નું ઓફલાઈન રજિસ્ટ્રેશન તા.૧૧/૧૨/૨૦૨૪થી શરૂ કરવામાં આવેલ છે.
૨. દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલ મહાકુંભમાં જિલ્લાકક્ષાએ પાંચ કેટેગરી મુજબ માનસિક ક્ષતિગ્રસ્ત (MR),શારીરિક ક્ષતિગ્રસ્ત (OH),અંધજન (Blind),શ્રવણ મંદ ક્ષતિવાળા (Deaf) અને સેરેબ્રલ પાલ્સી (CP) ધરાવતાં ભાઈઓ/બહેનો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
૩. દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલ મહાકુંભમાં સ્પર્ધા જિલ્લાકક્ષા તેમજ રાજયકક્ષાએ રમાશે.
૪. જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ સંયુક્ત રીતે સરકારશ્રીના જે તે કેટેગરીના રાજયકક્ષાના માન્ય મંડળને સાથે રાખીને જ આયોજન કરવાનું રહેશે.
૫. આયોજકોએ જરૂરીયાત મુજબના રમતને અનુરૂપ મેદાન અને સાધન, નિવાસ, ભોજન, વોલીયન્ટર્સ, ટેકનિકલ ઓફિસિયલ્સ, ચીફ રેફરી વગેરેની વ્યવસ્થા કરવાની રહેશે.
૬. જિલ્લા તેમજ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા ખેલાડીઓને ચુકવવાપાત્ર પ્રવાસ ખર્ચ તેમજ વ્યવસ્થાપક, ચીફ રેફરી, ટેકનીકલ ઓફિસિયલ્સ અને વોલેન્ટીયર્સ વગેરેને આવવા તથા

૨૦/૧/૨૫

૨૦/૧

જવાનો પ્રવાસ ખર્ચ તેમજ મહેનતાણાની રકમ RTGS થી સંબંધિતના ખાતામાં તાત્કાલિક જમા કરાવવાના રહેશે.

૭. જિલ્લાકક્ષાની સ્પર્ધા માટે માન્ય રાજયકક્ષા મંડળે સુચવેલ જે તે જિલ્લાની સંસ્થા કે પ્રતિનિધિને સાથે રાખીને આયોજન કરવાનું રહેશે.

૮. જિલ્લાકક્ષાની સ્પર્ધાના ઉદ્દઘાટન અને પૂર્ણાહુતી કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે નહી.

૯. આ અંગેનો તમામ ખર્ચ ગુજરાત સરકારશ્રીના નીતિ નિયમો તેમજ ખરીદી માટે પ્રવર્તમાન નીતિ નિયમો અનુસાર ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં જિલ્લા રમત વિકાસ અધિકારી અને જિલ્લા રમત ગમત અધિકારી સંયુક્ત રીતે કરવાનો રહેશે.

(૨) રજિસ્ટ્રેશન :-

૧. ચાલુ વર્ષે વધુમાં વધુ રજિસ્ટ્રેશન અને પાર્ટીશીપેશન થાય તે માટે સ્થાનિક કક્ષાએથી સહયોગ મેળવવાનો રહેશે.

૨. દિવ્યાંગ ખેલાડીઓનું ઓફલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

૩. જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ સંયુકત રીતે એસોસીએશનને પુરતો સહયોગ આપી મહત્તમ રજિસ્ટ્રેશન થાય તે મુજબનું આયોજન-સંકલન અને વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૪. રજિસ્ટ્રેશન માટે સંસ્થાઓએ રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજિસ્ટ્રેશન વખતે જ મેડીકલ સર્ટીફિકેટનું વેરીફિકેશન(ખરાઈ) કરવાની રહેશે.

૫. દર વર્ષની જેમ ચાલુ વર્ષે સર્ટીફિકેટનું વેરીફિકેશન બાદ રજિસ્ટ્રેશન ઓફલાઈન કરાવવાનું રહેશે.

૬. ખેલાડીએ રજિસ્ટ્રેશન ફોર્મ સાથે તેની વિકલાંગતાનું સર્ટીફિકેટ તથા બુધ્ધિઆંક સર્ટીફિકેટનું (માનસિક ક્ષતિ ધરાવતા વ્યક્તિઓ માટે) જોડવાનું રહેશે.

(૩) ગ્રાન્ટ :-

૧. જીલ્લા અને રાજયકક્ષાની સ્પર્ધામાં જમવાના ખર્ચ પેટે એક દિવસના રૂ.૨૫૦/- લેખે (ખેલાડી, એસ્કોર્ટ, વોલિન્ટીયર્સ, અને ઓફિશીયલની સંખ્યા) વ્યવસ્થા કરવાની રહેશે.

૨. જિલ્લાકક્ષાએ રમવા આવનાર ખેલાડીઓ અને સાથે આવનાર કોઈપણ એક વ્યકિતને (વાલી, ટીચર, વોલેન્ટર્સ) આવવા-જવાનો ખર્ચ રૂ.૭૫/- ની મર્યાદામાં પ્રવાસ ખર્ચ ચુકવવાનો રહેશે. (શારિરીક ક્ષતિગ્રસ્તની જિલ્લાકક્ષા અને રાજયકક્ષાની સ્પર્ધામાં A અને B કેટેગરી ગૃપવાળા ખેલાડીઓને એસ્કોર્ટ મળવાપાત્ર નથી. જ્યારે C અને D ગૃપના ખેલાડીઓને ખેલાડી દીઠ ૧ એસ્કોર્ટ આપવાનો રહેશે.)

૩. જિલ્લાકક્ષાએ વ્યવસ્થાપક, રેફરી અને ટેકનીકલ ઓફિશીયલ્સને રેલ્વેના બીજા વર્ગના ભાડાની મર્યાદામાં ખરેખર થયેલ પ્રવાસખર્ચ ચુકવવાનો રહેશે.

૪. રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓ, એસ્કોર્ટ વ્યવસ્થાપક, રેફરી, ટેકનીક્લ ઓફીસીયલ્સ, નોડલ ઓફીસીયલ્સ અને ટેકનીક્લ કન્વીનરને રેલ્વેના બીજા વર્ગના ભાડાની મર્યાદામાં થયેલ ખરેખર પ્રવાસ ખર્ચ ચૂકવવાનો રહેશે.

૫. જીલ્લા અને રાજયકક્ષાએ જરૂરીયાત મુજબ નિવાસ વ્યવસ્થા કરવાની રહેશે. રૂ.૧૦૦/-ની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૬. વ્યવસ્થાપકો, ટેકનીકલ ઓફિસિયલ્સ, ચીફરેફરી તેમજ વોલેન્ટર્સને નીચે મુજબ એક દિવસ પ્રમાણેનું માનદ વેતન ચુકવવાનું રહેશે.

| | જીલ્લાકક્ષાએ | રાજયકક્ષાએ |
|---|---|---|
| ઓર્ગેનાઈઝર | રૂ.૧૦૦ | રૂ.૧૫૦ |
| ટેકનીકલ ઓફિસિયલ્સ | રૂ.૩૦૦ | રૂ.૫૦૦ |
| ચીફ રેફરી | રૂ.૪૦૦ | રૂ.૬૦૦ |
| વોલેન્ટર્સ | રૂ.૧૦૦ | રૂ.૧૫૦ |

સૂચન:

ક્રિકેટની રમતમાં અમ્પાયર અને સ્કોરરને મેચ દીઠ રૂ.૫૦૦/- જિલ્લાકક્ષાએ મહેનતાણું ચૂકવવાનું થાય.

૭. જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રી સંયુક્ત રીતે દિવ્યાંગ ખેલાડીઓ, એસ્કોર્ટ, વ્યવસ્થાપક અને અન્ય સંલગ્ન સ્ટાફને સ્પર્ધા દરમ્યાન જમવાની, પ્રવાસ ખર્ચ ચુકવવાની, પીવાના પાણીની જરૂરી સવલતો પુરી પાડવાની રહેશે.

૮. જિલ્લાકક્ષાની સ્પર્ધાનો ખર્ચ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી અને જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ સંયુક્ત રીતે સરકારશ્રીએ નક્કી કરેલ ધારાધોરણ અને નિયમોની મર્યાદામાં કરવાનો રહેશે. રાજયકક્ષાની સ્પર્ધાનું સંચાલન એસ.એ.જી.એ કરવાનું રહેશે.

(૪) તબક્કાવાર શરૂ થતી સ્પર્ધા:-

૧. દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે.ખેલ મહાકુંભના જે તે કેટેગરીના ખેલાડીઓ માટે વ્યક્તિગત રમતો અને સાંઘિક રમતો રહેશે.

૨. જિલ્લાકક્ષાથી રાજયકક્ષાની સ્પર્ધાઓમાં તબક્કા પ્રમાણે પસંદગી પામેલા ખેલાડીઓ/ટીમોજ ભાગ લઇ શકશે.

૩. કેટેગરી વાઇઝ રમતોની યાદી નીચે મુજબ છે

| કેટેગરીનું નામ | જીલ્લાકક્ષાએથી શરૂ થતી સ્પર્ધા | રાજયકક્ષાએથી શરૂ થતી સ્પર્ધા |
|---|---|---|
| માનસિક ક્ષતિગ્રસ્ત | એથ્લેટીકસ | એથ્લેટીકસ |
| | સાયકલીંગ | સાયકલીંગ |
| | બોચી | બોચી |
| | વોલીબોલ | વોલીબોલ |
| | બાસ્કેટબોલ | બાસ્કેટબોલ |
| | બેડમિન્ટન | સ્વીમીંગ |
| | | રોલરસ્કેટીંગ |
| | | હેન્ડબોલ |
| | | ટેબલ ટેનીસ |
| | | બેડમિન્ટન |
| | | ક્રિકેટ |
| | | ફૂટબોલ |
| | | સોફ્ટ બોલ |
| શારિરીક ક્ષતિગ્રસ્ત | એથ્લેટીકસ | એથ્લેટીકસ |
| | ક્રિકેટ | ક્રિકેટ |
| | વોલીબોલ | વોલીબોલ |
| | | સ્વીમીંગ (૫૦ મી. અને ૧૦૦ મી. ફ્રિ સ્ટાઇલ) |

| | | |
|---|---|---|
| બ્લાઈન્ડ, ઓછી દ્રષ્ટિ | એથ્લેટીક્સ<br>ક્રિકેટ<br>ચેસ | એથ્લેટીક્સ<br>ક્રિકેટ<br>ચેસ |
| ડેફ | એથ્લેટીક્સ<br>(૧૦૦ મી. ૨૦૦ મી.) | એથ્લેટીક્સ<br>ક્રિકેટ<br>ચેસ<br>વોલીબોલ |
| સેરેબ્રલ પાલ્સી | - | એથ્લેટીક્સ<br>(ટ્રેક ઈવેન્ટ- ૧૦૦ મી.<br>ફિલ્ડ ઈવેન્ટ- ડીસ્કસ થ્રો,<br>જેવેલીયન થ્રો, લોંગ જમ્પ,<br>ક્લબ થ્રો, શોર્ટ પુટ) |
| બહુવિધ [illegible] | - | બોલ થ્રો ૫૦ મી દોડ, ૧૦૦ મી દોડ |
| લકવો | - | ૧૦૦ મી ઝડપી ચાલ, ચક્રફેંક, ભાલાફેંક, ક્લબ થ્રો, સોફ્ટબોલ થ્રો |
| હિમોફિલિયા | - | ૧૦૦ મી દોડ, ચક્રફેંક, ભાલાફેંક, ક્લબ થ્રો, શોટ પુટ |
| [illegible] રક્તકણથી સંબંધિત | - | ૧૦૦ મી દોડ, ચક્રફેંક, ભાલા ફેંક, ક્લબ થ્રો, શોટ પુટ |
| રક્તકણોનું [illegible] | - | ૧૦૦ મી દોડ, ચક્રફેંક, ભાલા ફેંક, ક્લબ થ્રો |
| જૂની સ્નાયવિક સ્થિતિ | - | ૧૦૦ મી દોડ, ચક્ર ફેંક, ભાલા ફેંક, ક્લબ થ્રો, સોફ્ટબોલ થ્રો, બોસિયા |
| [illegible]ની વિકલાંગતા | - | ૧૦૦ મી દોડ, ચક્ર ફેંક, ભાલા ફેંક, લાંબી કૂદ, ક્લબ થ્રો, શોટ પુટ, બોસિયા, ૨૦૦ મી સાયકલીંગ |
| વાણી અને ભાષાની અક્ષમતા | - | એથ્લેટીક્સ<br>(૧૦૦ મી. ૨૦૦ મી.) |
| માનસિક બીમારી | - | એથ્લેટીક્સ, સાયકલીંગ, બાસ્કેટબોલ |
| ચોક્કસ શિખવા સંબંધિત વિકલાંગતા | - | એથ્લેટીક્સ, સાયકલીંગ, બાસ્કેટબોલ |
| મટી ગયેલ રક્તપિત્ત | - | ૧૦૦ મી દોડ, ૨૦૦ મી દોડ, ગોળાફેંક, લાંબીકૂદ |
| ઠિંગણાપણું | - | ગોળાફેંક, ચક્રફેંક, ભાલાફેંક, બેડમિન્ટન, પાવરલિફ્ટીંગ |
| સ્નાયવિક [illegible] | - | ક્લબ થ્રો, ગોળા ફેંક, બોસીયા |

| | | |
|---|---|---|
| એસિડ એટેક | - | ૪૦૦ મી દોડ, ૧૫૦૦ મી દોડ, લાંબી કુદ, ગોળા ફેંક, ભાલા ફેંક |
| બહુવિધ સ્નાયવિક | - | ૪૦૦ મી દોડ, ૧૫૦૦ મી દોડ, ગોળાફેંક, લાંબીકુદ |

## (૫) સ્પર્ધાના નિયમો:-

૧. ખેલાડી કોઈ પણ બે રમતમાં જે તે જિલ્લામાંથી જ ભાગ લઈ શકશે.

૨. એથ્લેટીકસ રમતમાં વધુમાં વધુ ૨ ઈવેન્ટમાં ભાગ લઈ શકશે.

૩. સ્વીમીંગ રમતમાં વધુમાં વધુ ૧ ઈવેન્ટ અને ૧ રીલે ઈવેન્ટમાં ભાગ લઈ શકશે.

૪. સ્કેટીંગની રમતમાં ખેલાડી વધુમાં વધુ ૧ ઈવેન્ટ અને ૧ રોડ રેસમાં ભાગ લઈ શકાશે.

૫. શારિરીક ક્ષતિગ્રસ્તની જિલ્લાકક્ષા અને રાજયકક્ષાની સ્પર્ધામાં A અને B કેટેગરી ગૃપવાળાખેલાડીઓને એસ્કોર્ટ મળવાપાત્ર નથી. જ્યારે C અને D ગૃપના ખેલાડીઓને ખેલાડી દીઠ ૧ એસ્કોર્ટ આપવાનો રહેશે. તેમજ ૧૦ ખેલાડી દીઠ ૧ મેનેજર અને ૧ સહાયક સાથે લાવવાના રહેશે.

૬. અંધજનો ટ્રેક તેમજ ફિલ્ડ પાંચ ઈવેન્ટોમાંથી કોઇ પણ ત્રણ ઈવેન્ટમાં ભાગ લઈ શકશે.

૭. માત્ર પ્રજ્ઞાચક્ષુઓ માટે એથ્લેટીકસ રમતમાં ટ્રેક એન્ડ ફિલ્ડની કુલ ૫(પાંચ) ઈવેન્ટમાંથી કોઈ પણ ૩(ત્રણ) ઈવેન્ટમાં ભાગ લઈ શકશે.

૮. માત્ર અસ્થિ વિષયક ક્ષતિવાળા ખેલાડીઓ "એથ્લેટીક્સ રમતમાં ટ્રેક એન્ડ ફીલ્ડની કોઈ પણ ૨ ઈવેન્ટમાં ભાગ લઈ શકશે"

૯. પાચેય કેટેગરીના વયજુથ નીચે મુજબ રહેશે. તેમજ સીધી રાજ્યકક્ષાનીએ સ્પર્ધાઓ માટે નવી કેટેગરીનો સમાવેશ થયેલ જે નીચે મુજબ છે.

| કેટેગરીનું નામ | વયજુથ |
|---|---|
| માનસિક ક્ષતિગ્રસ્ત | ૮ થી ૧૫ (જુનીયર), ૧૬ થી ૨૧ (સીનીયર), ૨૨ થી ઉપર (માસ્ટર) |
| શારિરીક ક્ષતિગ્રસ્ત | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |
| બ્લાઈન્ડ અને ઓછી દ્રષ્ટિ | ૧૮ થી નીચે, ૧૮ થી ઉપર |
| ડેફ | ૧૬ વર્ષ થી નીચે, ૧૬ વર્ષ થી ઉપર ૪૫ વર્ષ થી ઉપર |
| સેરેબ્રલ પાલ્સી | ઓપન એજ |
| બહુવિધ અપંગતા | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |
| લકવો | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |
| હિમોફિલિયા | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |

| | |
|---|---|
| ઓછા રક્તકણો સંબંધિત | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |
| રકતકણોનું તુટી જવુ | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |
| જીર્ણ સ્નાયવિક સ્થિતિ | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |
| સ્વલીનતાની વિકલાંગતા | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |
| વાણી અને ભાષાની અક્ષમતા | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |
| માનસિક બીમારી | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |
| ચોક્કસ શિખવા સંબંધિત વિકલાંગતા | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |
| મટી ગયેલ રક્તપિત | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |
| ઠિંગણાપણું | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |
| સ્નાયવિક કુપોષણ | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |
| એસિડ એટેક | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |
| બહુવિધ સ્નાયવિક | ૧૬ વર્ષ સુધી, ૧૬ વર્ષ થી ઉપર ૩૫ વર્ષ સુધી, ૩૫ વર્ષ થી ઉપર |

**(૬) ટી-શર્ટ કેપ:-**

જિલ્લામાં વિજેતા થઈ રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા માત્ર જિલ્લાના વિજેતા ખેલાડીઓને જ રૂ.૨૦૦/-ની મર્યાદામાં એક ટી-શર્ટ અને એક કેપ આપવાની રહેશે. સરકારશ્રીની નિતિ મુજબ ખરીદી કરવાની રહેશે.

**(૭) સમિતિ :-** જિલ્લાકક્ષાની અમલીકરણ સમિતિ

| | | |
|---|---|---|
| ૧ | કલેક્ટરશ્રી | અધ્યક્ષ |
| ૨ | જિલ્લાવિકાસ અધિકારીશ્રી | ઉપાધ્યક્ષ |
| ૩ | પોલીસ અધિક્ષકશ્રી | સભ્ય |
| ૪ | જિલ્લાની યુનિ. ના વાઇસ ચાન્સેલરશ્રી | સભ્ય |
| ૫-૬ | જિલ્લા શિક્ષણાધિકારી (પ્રાથમિક) અને (માધ્યમિક) | સભ્ય |
| ૭ | પ્રમુખ, જિલ્લા વિવેકાનંદ યુવક મંડળ | સભ્ય |
| ૮ | જિલ્લાનાજિલ્લા રમત વિકાસ અધિકારી | સભ્ય |
| ૯ | પ્રમુખશ્રી સ્વામી વિવેકાનંદ મહિલા યુવક મંડળ | સભ્ય |
| ૧૦ | જિલ્લા રમતગમત અધિકારીશ્રી | સભ્ય સચિવ |

ટેકનિકલ સમિતિ

| | | |
|---|---|---|
| ૧ | કલેકટરશ્રી દ્વારા નિયુક્ત પ્રતિનિધિ | અધ્યક્ષશ્રી |
| ૨ | જિલ્લા રમત વિકાસ અધિકારી/જિલ્લા રમતગમત અધિકારી | સભ્ય |
| ૩ | જે-તે રમત મંડળના સ્પેશ્યલ ખેલ મહાકુંભના પ્રતિનિધિ | સભ્ય |

(૮) રોકડ પુરસ્કાર :-

૧. જિલ્લાકક્ષાએ વિજેતા ખેલાડીઓને આપવાના પુરસ્કારની રકમ નીચે મુજબ રહેશે.

| ક્રમ | વિજેતા | વ્યક્તિગત રમત | સાંઘિક રમત |
|---|---|---|---|
| ૧ | પ્રથમ | રૂ.૫૦૦૦/- | રૂ.૩૦૦૦/- |
| ૨ | દ્વિતિય | રૂ.૩૦૦૦/- | રૂ.૨૦૦૦/- |
| ૩ | તૃતીય | રૂ.૨૦૦૦/- | રૂ.૧૦૦૦/- |

૨. રાજયકક્ષાએ વિજેતા ખેલાડીઓને આપવાના પુરસ્કારની રકમ.

| ક્રમ | વિજેતા | વ્યક્તિગત રમત | સાંઘિક રમત |
|---|---|---|---|
| ૧ | પ્રથમ | રૂ.૧૦૦૦૦/- | રૂ.૫૦૦૦/- |
| ૨ | દ્વિતિય | રૂ.૭૦૦૦/- | રૂ.૩૦૦૦/- |
| ૩ | તૃતીય | રૂ.૫૦૦૦/- | રૂ.૨૦૦૦/- |

જીલ્લાકક્ષાના પ્રથમ વિજેતા ખેલાડી/ટીમે રાજયકક્ષાની ફાઈનલ સ્પર્ધામાં ભાગ લેવાનો રહેશે.

ડાયરેકટર જનરલ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

નકલ સવિનય રવાના જાણ સારૂ :-

(૧) જિલ્લા કલેકટરશ્રી, તમામ
(૨) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ
(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, સામાજિક ન્યાય અધિકારતા વિભાગ, ગાંધીનગર
(૪) સચિવશ્રી, સર્વ શિક્ષા અભિયાન, ગાંધીનગર
(૫) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
(૬) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

નકલ રવાના :-

(૧) જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી, તમામ
(૨) જિલ્લા રમતગમત અધિકારીશ્રી, તમામ
(૩) સેક્રેટરી, સ્પેશ્યલ ઓલિમ્પિક્સ ભારત-ગુજરાત, અમદાવાદ
(૪) પ્રમુખશ્રી, નેશનલ એશોશિયન ફોર ધ બ્લાઈન્ડ ગુજરાત રાજ્ય),અમદાવાદ
(૫) પ્રમુખશ્રી, ધી સોસાયટી ફોર ફીઝીકલ હેન્ડીકેપ, અમદાવાદ
(૬) સેક્રેટરી, ઓલ ગુજરાત સ્પોર્ટ્સ કાઉન્સીલ ઓફ ધ ડેફ, અમદાવાદ
(૭) પ્રમુખશ્રી, સેરેબ્રલ પાલ્સી સ્પોર્ટ્સ ફેડરેશન, અમદાવાદ